**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૬.૦ ડીગ્રી
લઘુતમ : ૨૩.૮ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૬૬ ટકા

# આજે શહેરમાં હવનાષ્ટમી ઉજવાશે

## ઘરે ઘરે માતાજીને નૈવેદ્ય ધરાવાશે : આઠમ નિમિત્તે માતાજીના મઢ સ્થાનકોમાં હવનોત્સવ

ગાંધીનગર, તા.૧૨

જગતજનની જગદંબાનું નવલું પર્વ નવરાત્રીનું આજે આઠમું નોરતું છે ત્યારે માતાજીના હવન અને નૈવેદ્યની તૈયારીઓ શ્રધ્ધાળુઓ દ્વારા હાથ ધરાઈ છે. આજે આઠમ નિમિત્તે માતા મહાગૌરીની ભાવપૂર્વક આરાધના કરવામાં આવશે. નવરાત્રિના આઠમા દિવસે માતા દુર્ગાના આઠમા સ્વરૂપ મહાગૌરીની પૂજા થાય છે.

આઠમના નોરતે માતાજીના મઢ સ્થાનકોમાં હવનોત્સવ કરવામાં આવશે. આઠમને હવનાષ્ટમી તરીકે ઓળખવામાં આવે છે. આ દિવસે મહાષ્ટમી, દુર્ગાષ્ટમી તથા સરસ્વતી બલિદાનનો દિવસ પણ છે. હવનાષ્ટમી નિમિત્તે ઘરે ઘરે માતાજીને નૈવેદ્ય ધરાવવામાં આવશે. આ ઉપરાંત માતાજીના સ્થાનકોમાં હવનના ભવ્ય આયોજનો થયા છે. દરેક સ્થાનકે જઈ માતાજીને શીશ ઝુકાવી પરીવારજનો પોતાના કુળદેવીના ઉપાસના કરશે.

દુર્ગાષ્ટમીનું મહત્વ ભગવાન શ્રી રામ સાથે પણ જોડાયેલું છે. ભગવાન શ્રી રામ રાવણને જીતવા આસો મહિનાની નવરાત્રીનું વ્રત અને અનુષ્ઠાન કર્યું હતું. ભગવાન રામ જયારે રાવણ સામે યુધ્ધમાં થાકી ગયા હતા ત્યારે નારદ મુની ભગવાન રામને નવરાત્રિનું અનુષ્ઠાન આપે છે અને શ્રી રામે નવરાત્રિમાં માતાજીની આરાધના કરી હતી. માતાજીએ આઠમા નોરતે હવન બાદ ભગવાન રામને વરદાન આપ્યું હતું તે દિવસ હતો આસો સુદ આઠમનો. આથી આઠમના નોરતે હવનનું વધારે મહત્વ ગણાય છે. આ દિવસે સરસ્વતી પૂજાનું પણ વિશેષ મહત્વ છે. વિદ્યા અને ભાગ્ય મેળવવામાં સરસ્વતીનું પૂજન-ઉપાસના કરવાથી વિદ્યાબળ અને સમજશકિતમાં વધારો થાય છે તથા જીવનની બાધાઓ દૂર થાય છે. નવરાત્રિ એટલે શકિત અને ભકિતનું અદભૂત મિલન ગણાય છે. આ દિવસો અસુરવૃત્તિ દૂર કરવા માટે માતાજીની આરાધના કરવાના દિવસો ગણાય છે. બંગાળમાં માં દુર્ગાનું સૌથી વધારે મહત્વ ગણાય છે. બંગાળમાં દુર્ગાપૂજા, શકિતની ઉપાસનાનું વધુ મહત્વ છે.

### હવનનું જેમ ધાર્મિક રીતે મહત્વ છે તેમ વૈજ્ઞાનિક રીતે પણ મહત્વ છે

પૂજા પાઠ અને હવન દરમિયાન અગ્નિમાં હોમવામાં આવેલી હવન સામગ્રીમાંથી થતો ધૂમાડો વાતાવરણને શુધ્ધ કરે છે. જેના કારણે



બિમારી ફેલાવાની શકયતા મટી જાય છે. લાકડાં અને ઔષધિય સામગ્રી, તલ,જડીબુટ્ટીઓ જેને સામાન્ય ભાષામાં હવન સામગ્રી કહેવામાં આવે છે તેને એક કરીને અગ્નિમાં હોમવાથી વાતાવરણમાં શુધ્ધતા આવે છે. હવનની અસર માણસો પર તો સકારાત્મક રહે જ છે પણ સાથે ખેતીમાં પણ તેની પોઝિટિવ અસર જોવા મળે છે.

### આજે આઠમા નોરતે માં મહાગૌરીના પૂજન અર્ચન કરાશે

માં આદ્યશકિતના પર્વ નવરાત્રીમાં હવે બે દિવસ જ બાકી રહ્યા છે. ત્યારે ભકતો પણ આ પર્વમાં દેવી શકિતની ઉપાસના અને અનુષ્ઠાનના અંતિમ તબક્કામાં માતાજીનો હવન અને નૈવેધની તૈયારીઓમાં વ્યસ્ત બની પોતાની ભકિત માતાના ચરણોમાં અર્પણ કરશે.

આજે માં દુર્ગાના આઠમા સ્વરૂપ દેવી મહાગૌરીની આરાધના કરવામાં આવશે. માતાજીનું આ સ્વરૂપ શ્વેત વર્ણવાળું છે અને તેમનું વાહન વૃષભ છે. ચાર હાથોવાળી આ દેવીના જમણા હાથમાંથી એક હાથમાં ત્રિશુળ ધારણ કરેલું છે અને બીજો હાથ અભય મુદ્રામાં છે. ડાબા હાથમાંથી એક હાથમાં ડમરૂ અને બીજો હાથ વરદ મુદ્રામાં છે. આ દેવી રાહુ ગ્રહનું સંચાલન કરે છે જેથી તેમની પૂજા કરવાથી ગ્રહદોષ દૂર થાય છે.



માતાજીનું વિધિવિધાન પૂર્વક પૂજન કરવાથી વેપાર, દાંપત્યજીવન, સુખ-સમૃદ્ધિ અને ધનમાં વધારો થાય છે તેમજ ત્વચા સંબંધી રોગોનું નિવારણ થાય છે. દેવીના શ્વેતવર્ણના કારણે તેમની તુલાના શંખ, ચંદ્રમા અને કંદ્રના શ્વેત પુષ્પ સાથે કરવામાં આવી છે અને શ્વેત વસ્ત્રો ધારણ કરેલા હોવાથી શ્વતાંબરધરા પણ કહેવાય છે.

શિવજીને પામવા કઠોર તપ કર્યું હોવાથી શરીર કાળું પડી ગયું હતું. અને શિવજી દેવીના તપથી પ્રસન્ન થયા અને ગંગાજળથી સ્નાન કરાવ્યું હતું જેનાથી તેમનો વર્ણ ગોરો બની ગયો હતો જેથી તેમનું નામ ગૌરી પડયું હતું. મહગૌરીનું વ્રત કરવાથી મનપસંદ જીવનસાથી પ્રાપ્ત થાય છે. આઠમના દિવસે પૂજામાં દુર્ગાસપ્તશતીના મધ્યચરિત્રનો પાઠ કરવાનો મહિમા વર્ણવાયો છે. માતાજીને આઠમે નારિયેળ, હલવો, પુરી અને શાકનો પ્રસાદ ધરાવાય છે. માતાજીના પૂજન પછી આજે સાધકો દ્વારા હોમ હવનનું આયોજન થશે.

### હવનમાં સ્વાહા કેમ બોલાય છે?

આપણા શાસ્ત્રોમાં અને પરંપરામાં હવનનું ખૂબ મહત્વ છે. કારણકે હવનમાં અગ્નિદેવની સાક્ષી હોય છે અને અગ્નિદેવની સાક્ષીએ થતું કોઈ પણ કાર્ય સરસ રીતે પાર પડે છે. હવનમાં તમામ દેવતાનું આહવાન, કરવામાં આવે છે સાથે જ હવનકુંડમાં અગ્નિ દેવને સામગ્રી અર્પણ કરવામાં આવે છે અને તેની સાથે 'સ્વાહા' શબ્દનો ઉચ્ચાર કરવામાં આવે છે. 'સ્વાહા' શબ્દના જાપ કે તેના ઉચ્ચાર વગર યજ્ઞ કે હવન સફળ નથી થતા. 'સ્વાહા' પ્રજાપતિ દક્ષની પુત્રી હતા. પ્રજાપતિ દક્ષે તેમની પુત્રી 'સ્વાહા'ના અગ્નિદેવ સાથે વિવાહ કર્યા હતા. આજ કારણે અગ્નિદેવને જે પણ અર્પણ કરવામાં આવતું તે સૌથી પહેલાં તેમના પત્નિ 'સ્વાહા' પાસે પહોંચતું એટલે કે દેવી 'સ્વાહા' જે પણ વસ્તુ કે દ્રવ્ય અગ્નિદેવને અર્પણ કરે છે તેનો અગ્નિદેવ સ્વીકાર કરે છે. ભગવાન શ્રીકૃષ્ણએ દેવી સ્વાહાને વરદાન આપ્યું હતું કે કોઈ પણ હવનમાં કોઈપાણ દેવતાને અર્પણ કરવામાં આવતું કોઈ પણ દ્રવ્ય દેવી સ્વાહાને યાદ કર્યા વગર કે તેમના ઉચ્ચાર વગર દેવતાઓ સુધી નહીં પહોંચે. તેથી કોઈ પણ હવનમાં 'સ્વાહા'નો ઉચ્ચાર થાય છે અને સ્વહાના ઉચ્ચાર વગર યજ્ઞ પણ સફળ નથી થતો.

# શહેરમાં ચારે તરફ નવરાત્રીનો માહોલ

## વિવિધ શાળા, સંસ્થા, કોલેજો, સોસાયટીઓ, શેરીઓમાં ગરબાના સુંદર આયોજનો

●●●

**એચ.વી. પટેલ અને વી.એમ. પટેલ, સે-૨૩**



વી.એમ. પટેલ અને એચ.વી. પટેલ કન્યા બાલમંદિરમાં ઓનલાઈન નવરાત્રીની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શિક્ષકોના માર્ગદર્શન હેઠળ બાળકોએ તેમજ વાલી મિત્રોએ ગરબા ગાયા હતા. પ્રિન્સીપલ મીનાક્ષીબેન અને ડાયરેકટર કિરણબેને માતાજીની આરતી ઉતારી ગરબાની શરૂઆત કરી ઓનલાઈન ઉજવણી કરી હતી.



●●●

**શરણ રેસીડેન્સી**

સરગાસણ ખાતે શરણ રેસીડેન્સીમાં ગરબાનું આયોજન કરાયું છે. જેમાં સોસાયટીના રહીશો સરકારની ગાઈડલાઈનનું પાલન કરીને નવરાત્રીની ઉજવણી કરી રહ્યા છે.

●●●

**અક્ષત આઈકોન, સરગાસણ**

વાઈબ્રન્ટ એકેડેમી ઓફ પરફોર્મિંગ આર્ટસ થકી ગરબા નાઈટ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ત્રણ કેટેગરી-બાળકો, યુવાનો તેમજ વડીલોને સામેલ કરવામાં આવ્યા હતા. જેમાં એકેડમીના કો-ફાઉન્ડર જયકલ પટેલ અને કોરિયોગ્રાફર યશપાલસિંહ ચૌહાણે વિજેતાઓને ટ્રોફી આપી સન્માનિત કર્યા હતા.

●●●

**સ્વપ્નવિલા, પેથાપુર**



સ્વપ્નવિલા-૩, પેથાપુરના નાના મોટા ખેલૈયાઓએ શેરી ગરબા, વેશભૂષા સાથે નવરાત્રિની ઉજવણી કરી ને ફેમીલી સાથે પાર્ટી પ્લોટ કરતાં પણ વધારે આનંદ માણ્યો હતો અને પુરવાર કર્યું હતું કે આપણાં શેરી સોસાયટી ગરબાની મજા જ અલગ છે.

●●●

**સમર્પણ પબ્લિક સ્કુલ**

શ્રી શંકરસિંહ વાઘેલા બાપુ ફાઉન્ડેશન સંચાલિત સમર્પણ પબ્લિક સ્કુલ, સેકટર;૨૮ ગાંધીનગર ખાતે નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.




જેમાં ગુજરાતી માધ્યમ અને અંગ્રેજી માધ્યમના વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો આ સાથે પ્રતિયોગિતા યોજાયેલ હતી. જેમાં અલગ અલગ ધોરણમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને શાળાના મેનેજિંગ ડાયરેકટર મહેન્દ્રસિંહ વાઘેલા, આચાર્ય સુનિલ કુમાર કેસરી અને પાયલ આચાર્ય દ્વારા વિદ્યાર્થીઓને ઈનામ આપીને તેઓનો ઉત્સાહ વધાર્યો હતો.

●●●

**સૂર્યનારાયણ સોસાયટી, સે-૨૫**



સૂર્યનારાયણ સોસાયટીના નવરાત્રી ચોકમાં વસાહત મંડળ દ્વારા નવરાત્રી નિમિત્તે ગરબાનું આયોજન કરાયું છે. એક નોરતે હાલમાં ચૂંટાયેલા નગર સેવકોએ આરતીમાં હાજરી આપી હતી. ગરબાને સફળ બનાવવામાં મુખ્ય યશ વસાહતના પ્રમુખ જશવંતસિંહ, પ્રદ્યુમનસિંહ, અશ્વિનભાઈ, દિનેશભાઈ, આનંદભાઈ, ધર્મેન્દ્રસિંહ, વિપુલભાઈ, તુલસીગીરી, એન.બી. ગોલ, અજયભાઈ, વિજયદાન વિગેરે હોદ્દેદારો તેમજ વસાહતીઓને ફાળે જાય છે.

●●●

**એસ.એસ.વી. શાળા**



એસ.એસ.વી શાળામાં પણ નવરાત્રી દરમ્યાન ઓન લાઈન આરતી થાળી સજાવવાની સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહથી ભાગ લીધો હતો.

●●●

**એકતા ચોક, સે-૪-ડી**



એકતા ચોક સેકટર-૪-ડીમાં નવરાત્રીની ઉજવણી વસાહતીઓ દ્વારા કરવામાં આવી રહી છે. જેમાં ખેલૈયાઓ મન મુકીને ગરબા રમી રહ્યા છે.

●●●

**વસાહત મંડળ, સે-૭-એ**



નવરાત્રિના પવિત્ર છઠ્ઠા નોરતાના દિવસે સે-૭-એ વસાહત મંડળના વસાહતીઓએ બાળગોપાલ, નવયુવાનો, યુવા, સિનિયર સિટિઝન અને માતા બહેનોએ ધામધૂમપૂર્વક ગરબા કરી મા અંબેની આરાધના કરી હતી. આ પવિત્ર નોરતાએ મહેમાન તરીકે ગાંધીનગર સમાચાર વર્તમાનપત્રમાં મેનેજિંગ તંત્રી કૃષ્ણકાન્તભાઈ જહા પરિવાર સાથે અને સે-૭-એ વસાહત મંડળના પ્રમુખ ગાંધીસર તથા કારોબારી સભ્યો વસાહત મંડળ મહિલા બ્રિગેડના આગેવાન જયશ્રીબેન રાવલ, અમીબેન શાહ, કુસુમબેન સુથાર, વંદનાબેન પટેલ તથા પુરી મહિલા ટીમે ગરબે ઘૂમીને ઉત્સાહ વધાર્યો હતો.

●●●

**એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ**



એપોલો ઈન્ટરનેશનલ સ્કૂલ કુડાસણ ખાતે શાળાના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો દ્વારા ગરબાનો કાર્યક્રમ યોજાયો હતો. જેનું આયોજન શિક્ષકોએ ખૂબ સરસ કર્યું હતું. શાળાના સંચાલક ડૉ. શંકરસિંહ રાણાએ આવા ધાર્મિક તહેવાર શાળામાં યોજવા પ્રેરણા આપી હતી.

●●●

**સરગાસણ ટીપી-૯ની સોસાયટીમાં નવરાત્રીની ઉજવણી**



ગાંધીનગરના ટીપી-૯ વિસ્તારની શરણમ સોસાયટીમાં સાતમા નોરતે નાના-મોટા અને આધેડ વયના મહિલાઓ, પુરુષ અનેભુલકાંઓએ વેશભૂષા કરી વિસ્તારમાં જબરદસ્ત આકર્ષણ ઉભું કર્યું હતું. જગતજનની જગદંબાના આ પર્વમાં ધાર્મિક મલાજો જાળવીને પુરા આદર અને સન્માન સાથે રહીશો ઉજવણી કરી રહ્યા છે. સાથે નિત્ય પૂજા-અર્ચન, આરતી, પ્રસાદ થઈ રહ્યો છે અને રાત્રી નાસ્તાનું આયોજન કરી પર્વનો પૂરેપુરો આનંદ રહીશો લઈ રહ્યા છે.

●●●

**શ્રીરંગ સોસાયટીની નવરાત્રી - રાંદેસણ**



શહેરના નવા વિકસી રહેલા વિસ્તાર રાંદેસણમાં શ્રીરંગ ઓએસીસ ખાતે સોસાયટીની મહિલાઓના એક ગૃપે પાર્ટી પ્લોટના ગરબાની જેમ એક સરખા ટ્રેડિશ્નલ ડ્રેસિંગ માત્ર એક જ દિવસની પ્રેક્ટિસમાં ગરબાની ભારે રમઝટ જમાવી હતી જેના કારણે સોસાયટીની નવરાત્રીમાં જાણે નવી જ રોનક ઝળકી ઉઠી હતી. મહિલાઓના આ સહિયારા પ્રયાસને કારણે સોસાયટીના રહીશો પણ આનંદ સાથે રોમાચિંત થઈ ઉઠ્યા હતા અને સૌએ સાથે મળીને આ મહિલા ગૃપના પ્રયાસને બિરદાવ્યો હતો.

## જન્મદિને વધામણી



**ડો. યશવંત છાટબાર**
સિનીયર ઈએનટી સર્જન
મો. ૭૯૮૪૩ ૧૦૮૮૬



**ચારૂલતા બી રાવલ**



**રિયા હિરેનકુમાર રૂપાલા**
મો. ૯૦૯૯૯ ૫૨૫૮૧



**ધ્રુવીબા ખુમાનસિંહ ગોહિલ**
મો. ૯૮૨૪૫ ૦૧૩૦૦



**નારણભાઈ આહીર**
સૌરાષ્ટ્ર-કચ્છ સમાજ ટ્રસ્ટી

## ચિરવિદાય

● મુકિતધામ ●

- સ્વ. વાઘરી વિરાબેન મોહનભાઈ, ઉ.વ. ૮૪, સે-૨૮, ચરેડી છાપરાં
- સ્વ. ડો. ગોસાઈ રમેશભારથી ત્રિકમભારથી, ઉ.વ. ૭૩, સે-૪